Extra No. 386

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, NOVEMBER 3, 2025 / KARTIKA 12, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૨૭૦૫ થી ૧૨૭૩૯ /૨૦૨૫ નર્મદા જિલ્લામાં નાગરિકો/સંસ્થાઓ જિલ્લા કલેક્ટર કચેરી તેમજ જિલ્લા/તાલુકાની અન્ય કચેરીઓ ખાતે પોતાની વિવિધ માંગણી/રજુઆતો માટે સમૂહમાં આવતા હોય છે. આ પ્રકારની રજુઆતો દરમ્યાન સંબંધિત કાર્યરત કચેરીઓ ખાતે અધિકારીઓ/કર્મચારીઓ તેમજ કચેરી ખાતે કામ અર્થે આવેલ નાગરિકોના વિવિધ કાર્યો તેમજ તેઓની શાંતિ અને સલામતિ જળવાઈ રહે, સૌહાર્દપૂર્ણ માહોલ બની રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી નિયંત્રણો મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) તથા આમુખના હુકમથી મળેલ સત્તાની રૂએ જિલ્લા સેવા સદન, નર્મદા તથા જિલ્લામાં આવેલ સરકારશ્રીના વિવિધ વિભાગની અન્ય તમામ કચેરીઓના કંપાઉન્ડ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી વગર કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણાં, ઉપવાસ, રેલી વિગેરે પ્રવૃત્તિ કરવા પર.

(૨) કોઈપણ પ્રકારના માઈક સિસ્ટમ/ડી.જે. નો ઉપયોગ ઉક્ત કચેરીઓ ખાતે કરવા પર.

(૩) ઉક્ત કચેરીઓ ખાતે રોજીંદી કામગીરીમાં અધિકારીઓ/કર્મચારીઓ/અરજદારો/કચેરીના મુલાકાતીઓ વગેરેને અસુવિધા ઉત્પન્ન કરવા પર.

(૪) ઉક્ત કચેરીઓ ખાતે શાંતિ સલામતિ અને સંવાદિતા જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા પર.

અપવાદ

આ હુકમમાંથી સરકારશ્રીના વિભાગો/કચેરીઓ દ્વારા આયોજિત કરવામાં આવનાર કાર્યક્રમો/રેલીને મુક્તિ આપવામાં આવે છે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૦૧લી નવેમ્બર, ૨૦૨૫.

(સી.કે.ઉધાડ)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

વંચાણે લીધું

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૪૮૭૪/સને ૨૦૨૫. તા.૧૩/૧૦/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૭૦૧૧ થી ૭૦૪૮/૨૦૨૫, તા.૧૨/૦૬/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (બી) અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૨૪૩૫ થી ૧૨૪૭૨ /૨૦૨૫ કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ મોવી-ડેડીયાપાડા રોડ (એસ.એચ.-૧૬૦)ની ચેઈનેજ કિ.મી. ૦/૯૦૦ થી ૧/૦૦ પર આવેલ માઈનોર બ્રીજ તુટી જવા પામેલ હોય, માઈનોર બ્રીજની જગ્યા પર તદન કામચલાઉ ટેમપરરી કાચું ડાયવર્ઝન બનાવી રસ્તો લાઈટ મોટર વીહીકલ્સ માટે ચાલુ રાખેલ છે. સદર તૂટી ગયેલ બ્રીજના સ્થાને નવા હાઈ લેવલ બ્રીજના બાંધકામની કામગીરી શરૂ થયેલ હોય અને સદર રસ્તાના વાઈડનીંગ અને મજબૂતીકરણનું કામ મંજૂર થયેલ હોય ટૂંક સમયમાં સદરહુ રસ્તાની કામગીરી શરૂ થનાર છે. સદરહુ બ્રીજ પર હાલ ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, બસ, ટ્રક, મલ્ટી એકસેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે)નો વાહનવ્યવહાર શક્ય ન હોઈ, સદરહુ રસ્તા પર હેવી લોડેડ વીહીકલ્સના વાહનવ્યવહારને તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી પ્રતિબંધિત કરી, ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

અત્રેની કચેરીના વંચાણ-(૨)ના જાહેરનામાથી સદરહુ રસ્તો હેવી લોડેડ વીહીકલ્સ માટે તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી બંધ કરી, રૂટ ડાયવર્ઝન આપવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતોએ ઉક્ત રસ્તો હેવી લોડેડ વીહીકલ્સ માટે તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી બંધ કરી રૂટ ડાયવર્ઝન મુકવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ નીકલમ-૩૩(૧) (બી) તથા વંચાણ-(૩)થી મળેલ સત્તાની રૂએ મોવી-ડેડીયાપાડા રોડ (એસ.એચ.-૧૬૦) ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, બસ, ટ્રક, મલ્ટી એક્સેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે) માટે તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી બંધ કરી હેવી લોડેડ વીહીકલ્સ માટે નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

દેડીયાપાડાથી રાજપીપળા તરફ જતાં ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, બસ, ટ્રક, મલ્ટી એકસેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે) દેડીયાપાડા-નિવાલ્દા-નિંગટ-નવાગામ-ખેડીપાડા-કેવડી-ફૂલવાડી-નેત્રંગ-મોવી થઈ રાજપીપળા તરફ જઈ શકશે.

રાજપીપળાથી દેડીયાપાડા તરફ જતાં ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, બસ, ટ્રક, મલ્ટી એક્સેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે) મોવી-નેત્રંગ-ફૂલવાડી-કેવડી-ખેડીપાડા-નવાગામ-નિંગટ-નિવાલ્દા થઈ દેડીયાપાડા તરફ જઈ શકશે.

સદરહુ રસ્તો હેવી લોડેડ વીહીકલ્સ માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામાની અમલવારી તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૦૧લી નવેમ્બર, ૨૦૨૫.

સી.કે.ઉધાડ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.19 17:43:30 IST